ૐ હરિઃ !!

શ્રી સુરત નાટક સમાજ.

પુરાણ પ્રસિદ્ધ

સતીનો શાપ

નાટકના ગાયનો.

રચનાર,

કવિ ભાઇશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

પ્રકાશક,

હરિહર એન્ડ યુનીયન.

શ્રી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

કીંમત ૦-૨-૦ આના.

ॐ हरिः !!

પુરાણ પ્રસિદ્ધ.

સતીનો શાપ.

નાટકના ગાયનો.

પ્રકાશક

હરિહર પુરૂષોત્તમ એન્ડ યુનિયન.

શ્રી સુરત નાટક સમાજના માલેકો.

હાલ મુકામ ભાંગવાડી પ્રિન્સેસ થીએટર—મુંબઈ.

સુરત, ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રિન્ટીંગ
પ્રેસમાં રતલાલ દુર્લભદાસે છાપી.

આવૃતી પહેલી   પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૧   ઇ. સ. ૧૯૧૪

કિમ્મત બે આના.

સતીનો શાપ.

ખેલનો ટુંકસાર.

પ્રારંભે સુત્રધાર પ્રભુ પ્રાર્થના કરે છે. બાદ આવેલી નટી પ્રતિ, વસ્તુસુચન અને નાટયસંકળાનાનું નિદર્શન કરી બતાવે છે પશ્ચાત્ બે બાળાઓ સમયોચિત્ સ્તોત્ર ગાઇ બતાવે છે.

અ૦ ૧ લે.—અપ્સરાઓના અભિવંદનથી મદોન્મત્ત બનેલો ઇંદ્રરાય !! પરિચિત જનોની પ્રશંસાથી ફુલાઇને સભામાં બીરાજેલા દેવો સાથે; સમાનશીળ યોદ્ધાની સમાલોચના ચલાવે છે. કલહ યોજના કરનાર નારદઋષિ તેને શંકર સાથે બાથ બીડવા સલાહ આપે છે, ને દેવોના અટકાવનો અનાદર કરી ઇંદ્ર, શિવસ્થાનક તરફ પ્રયાણ કરે છે.

અ૦ ૨ જો.—ભૃંગી નામનો એક ગણ નિયમ કરતાં વિશેષ નિંદ્રાધિન થયેલી સ્થિતિમાંથી; એક ડોસો અને કેટલાક છોકરાઓના ઉન્માદથી જાગી ઉઠે છે ને શિવસ્થાનકે જાય છે.

અ૦ ૩ જો.—સમાધીનિષ્ઠ શંકરના શૃંગી ભૃંગી નામના શિષ્યગણો, ઉગ્ર સ્વરૂપે સમિપે આવતા ઇંદ્રને અટકાવી. ઓળખ

પડવાથી સ્વર્ગમાંથી અપ્સરાઓ તેડાવી નૃત્યારંભ કરાવવા સકારણ સમજાવે છે. ઇંદ્ર તેમ કરી, પ્રસન્ન શંકર પાસેથી વીર પ્રગટાવવા વર મેળવે છે. ક્રોધિત શંકર કપાળનો પરશેવો કમંડળમાં નાંખી એક અંડ ઉત્પન્ન કરે છે ને તેને અવાચ્ય સ્થુળ થતું જોતાં શિષ્યો પાસે પ્રથમ કુંડમાં ને પાછળથી સમુદ્રમાં નંખાવી દે છે.

પ્ર૦ ૪ થો—અંડ ફાટે છે. ને તેમાંથી ભયંકર પુરૂષ પ્રગટ થાય છે. સમુદ્રદેવ આકુળવ્યાકુળ થઇ બ્રહ્માજી પાસે અરજ ગુજારવા જાય છે. બ્રહ્માજી મદદે આવે છે ને તેને શિક્ષા નહીં કરતાં ઉલટા તેનું આશ્વાસન કરી, જાળંધર નામ ધરાવી, એક સમરરક્ષણ સાંગ આપી, રાજ્યગાદી મળવા અને સુંદર કન્યા પ્રાપ્ત થવા વરદાન કરે છે. ને મથુરાપતિ કૈચક રાજા સાથે રણપટ ખેલવા સુચના કરે છે.

પ્ર૦ ૫ મો—ભુખડ, નામનો બ્રાહ્મણ ચંચળ નામની પોતાની પરણેત સ્ત્રી આગળ ખોટી ડંફાસો મારે છે સ્ત્રી તેને વાચાળ શક્તિનો રાજ્યસભામાં ઉપયોગ કરવા સમજાવે છે. ભુખડ તેમ કરવા તૈયાર થાય છે. ને ગીગલા ઘાંચીનું તેલ ઢોળી નાંખી ગુન્હેગાર તરીકે સરકારમાં દોરાય છે.

પ્ર૦ ૬ ઠો—એક બગીચામાં વૃંદા અને તેની સખીઓ ગાતી આનંદ દર્શક અને મશ્કરીવાચક માંહોમાંહે મેણાં મારતી રહે છે. તેવામાં કૈચક રાજા અને તેનો સેનાપતિ, જોરાવર જાળંધરની પુઠ પકડી બગીચા આગળ આવી પહોંચે છે.

ળામાં બેહાલ નિવડેલો કોચક રાજા કળાથી કામ લઈ જાળંધરને પોતાની પુત્રી વૃંદા પરણાવે છે ને રાજ્યગાદી પણ સમર્પણ કરે છે.

પ્ર૦ ૭ મો—વિષ્ણુ, હાસ્ય મિષે લક્ષ્મીજી આગળ તેમના ભાઈ જાળંધર ને કન્યા તથા રાજ્યગાદી મળ્યાના સમાચાર આપે છે

પ્ર૦ ૮ મો—બંધન થઇ આવેલો ભુખડ અને ગીગલો; જાળંધર આગળ રજુ થાય છે નુકશાની અપાય છે ને હાજરજવાબી ભુખડને મશ્કરા તરીકે કાયમ દરબારમાં રખાય છે બાદ અંતરીક્ષથી રાહુનું મસ્તક આવી જાળંધરને; તેમના પિતા સમુદ્રદેવને સતાપનાર ને તેમની રીદ્ધિ સીદ્ધિ લુંટી જનારા દેવો સાથે વેર લેવા સંબોધે છે શુક્રાચાર્ય તેમાં સાક્ષી આપે છે ને જાળંધર યુધ્ધે ચડવા નીકળી પડે છે.

ટેબ્લો



અંક બીજો.

પ્ર૦ ૧ લો—જુદ્ધમાં જવા તૈયાર થએલો ભુખરૂ ચંચળની રજા મેળવવા ઘેર આવે છે.

પ્ર૦ ૨ જો—સખીઓ સાથે ગરબો ગાતી રાણી વૃંદા, જાળંધરને આવતો જોઇ તેમના રોષનું કારણ પુછી; તેમ ના-કરવા સમજાવે છે. જાળંધર નિશ્ચય વિચાર ફેરવવા સ્પષ્ટ ના પાડે છે ને પતિવ્રતની સાક્ષીભુત પુષ્પમાળા વૃંદા પાસેથી મેળવી વિદાય થાય છે.

પ્ર૦ ૩ જો—યુદ્ધ માટે નિરમાણ કરેલા સ્થળે જવા માટે પ્રથમ ઇંદ્ર અને દેવો, અને પાછળથી જાળંધર તથા તેના સૈનિકો; પસાર થાય છે.

પ્ર૦ ૪ થો—અસુર ભયથી કંટાળેલો ઇંદ્ર, બ્રહ્માને રક્ષણ કરવા સ્મરે છે. બ્રહ્મા વિષ્ણુની મદદ માગવાનું કહે છે ને ઇંદ્ર; વિષ્ણુનું સ્તવન કરે છે વિષ્ણુ સુદર્શનચક્ર સહીત પ્રગટ થાય છે ને જાળંધર સાથે યુદ્ધ આરંભે છે તેમાં વિષ્ણુ હાર પામે છે ને નાશી જાય છે.

પ્ર૦ ૫ મો—નિર્ગત થતા સુદર્શચક્રને જોઇને વિષ્ણુ, વિમાસણમાં પડે છે, શુક્રાચાર્યની મૃતસંજીવનવિદ્યાથી શત્રુનો [illegible] સબળ રહેવાનું કારણ ઇંદ્ર. શોધી બતાવે છે ને વિષ્ણુ

તે તરફની ચિંતા ટાળવા શંકરનુ આરાધન કરે છે. શંકર પ્રગટ થાય છે. ને પોતે કૃત્યા ઉત્પન્ન કરે છે. આજ્ઞાનુસાર ચાલનારી કૃત્યા, શુક્રાચાર્યને પકડી ગુહ્ય-સ્થાનમાં સંતાડી અદ્રશ્ય થઇ જાય છે.

પ્ર૦ ૬ ઠો—દુઃખી દેવો, શિવ વિષ્ણુને શરણે જાય છે. યુક્તિ પુરઃસર વિષ્ણુ લક્ષ્મીજીને તેડાવે છે ને તેમની દ્વારા જાળંધરના મૃત્યુનું નિમિત્ત જાણવા જણાવે છે. લક્ષ્મીજી પોતાના બન્ધુની બુરાઇ કરતા અચકાય છે. જેથી વિષ્ણુ ત્યાં પ્રગટ થએલા નારદજી પાસેથી સન્યસ્ત દિક્ષા લેવાનો ઢોંગ આરંભે છે. ના છૂટકે લક્ષ્મીજી, ઠેકાણે આવે છે ને જાળંધરને ત્યાં જાય છે.

પ્ર૦ ૭ મો—જુદ્ધમાંથી આવેલા ભુખર ચંચળની આડાઇને લીધે વાટે જતા બે બ્રાહ્મણોને પરોણા તરીકે પકડી લાવે છે પ્રપંચાસદ્ધ ચંચળ ભેદ સમજી જઇ યુક્તિથી તેમને નસાડી મૂકે છે.

પ્ર૦ ૮ મો—નાશી છુટેલા બ્રાહ્મણોને પાછળથી ભુખર સમજાવી પાછા વળવાનું કહે છે. પણ બિચારા બ્રાહ્મણો જીવ લેઇને નાશે છે.

પ્ર૦ ૯ મો—લક્ષ્મીજી 'જાળંધર પાસે જઇ સામાન્ય વિવેચનમાંથી તેના મૃત્યુનું નિમિત્ત કળી જાય છે ને તુરત પાછો રસ્તો લે છે.

પ્ર૦ ૧૦ મો–જંગલમાં, સોચ કરતાં વિચારતાં લક્ષ્મીને; વિષ્ણુ આવી મળે છે ને શંકરને વૃંદાનું વ્રત મુકાવવા મોકલી, પોતે જાળંધરની શકિત નિરબળ કરવાની યોજના કરવા જાય છે. પાછળથી નારદઋષિ આવી જાળંધરને મળે છે ને તેને શંકરના કપટી સંકલ્પની ખબર આપી તેને સતી પાર્વતીને છળવા જવાની સંમતિ આપે છે. જાળંધર બદલો લેવા હા પાડે છે. ને શંકરનું સ્વરૂપ ધારણ કરી કૈલાશ તરફ જાય છે.

પ્ર૦ ૧૧ મો–સતી પાર્વતી સખીઓ સન્મુખ પશ્ચાતાપની પારવેદના વર્ણવે છે તેવામાં ત્યાં કૃત્રીમ શંકર સ્વરૂપે જાળંધર દાખલ થાય છે. પાર્વતી તેને પારખી કાઢી ધિક્કારે છે ને સમુદ્રદેવની શરમે જીવતો પાછો વળવા દે છે.

પ્ર૦ ૧૨ મો–ગમગીનીમાં વખત ગુમાવતી વૃંદા, સખીઓ સાથે યુધ્ધ સમાચારનું અધિવેધન કરે છે. તેવામાં ત્યાં કૃત્રીમ જાળંધર સ્વરૂપે શીવ, પ્રવેશ કરે છે પણ પાછળથી પરખાઇ જઇ અપુર્વ ધીટકકાર પામી પાછા વળી જાયછે.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્ર૦ ૧ લો—વૃંદાના વ્રતનો વિનાશ કરવા વિચરેલા શંકરને શરમિંદા જોઇ, વિષ્ણુ તે કામ કરવા તત્પર થાય છે અનુભવ ઉપરથી શંકર આ કામ અશક્ય કહી બતાવે છે, વિષ્ણુ શંકરને ખાત્રી થવા મોહીની સ્વરૂપ પ્રગટ કરે છે ને ભોળાશંભુને ભોળવી ભેદ ભાગી બતાવે છે. શંકરને સર્વ યુક્તિ સમજાય છે ને વિષ્ણુ વૃંદાને છળવા વિદાય થાય છે.

પ્ર૦ ૨ જો—સ્વપ્નામાં સ્વામીનો મૃત્યુયોગ જોઈ સતીવૃંદા ઉદાસ થાય છે માતા મેધાવતી તેને બહુ પ્રકારે સમજાવે છે પણ ન માનતાં સખીને સાથે લઇ પતિની શોધમાં નિકળી પડે છે.

પ્ર૦ ૩ જો—વિષ્ણુ અને ગરૂડ, મહા તપસ્વી ગુરૂ શિષ્ય તુલ્ય બનીને વાટે જતી વૃંદાને કેટલાક ચમત્કારો કરી બતાવી મોહજાળમાં ફસાવે છે. વૃંદા ચકિત થઇ પતિના સમાચાર પુછેછે. યોગિરાજ યુક્તથી મરણના સમાચાર આપે છે ને કેટલીક આજીજી પરથી જાળંધરનું આખુ શરીર, જુદાં જુદાં અંગો એક પછી એક આણી પુરૂ કરી બતાવે છે અદભુત ક્રિયા આંખેથી જોઇ વૃંદા વિનયપૂર્વક યોગિરાજને મૃતને સજીવન કરવાનું કહે છે. વિષ્ણુ પોતે અન્ય આત્મારૂપે તેમાં પ્રવેશી તેને સજીવન બનાવે છે પતિને જીવતા થયેલા જોઇ હર્ષઘેલી સતીવૃંદા પોતાની સાથે રથમાં બેસાડી પોતાને ઘેર લઈ આવે છે.

પ્ર૦ ૪ થો—ભાવતાં ભોજન શોધતો ભુખરૂ, રણસંગ્રામમાંથી ઘેર આવી, ચાળાચસકાથી ચંચળને ચમકાવે છે ને માતાની થાળ કરાવે છે. પાછળથી સમય જોઈ ભુખરૂ માતાની મૂર્તિ કેડે ભરાઇ જાય છે ને ધરાવેલો થાળ ચપેટી જાય છે ચંચળ તેને સમજાવીને ફરી યુદ્ધમાં મોકલેછે.

પ્ર૦ ૫ મો—શંકર પોતાના ભૂતગણોને જાળંધર સામે વેર લેવા ઉશ્કેરેછે

પ્ર૦ ૬ ઠો—રણસંગ્રામમાં અગાઉથી તૈયાર થઇ ઉભો રહેલો જાળંધર, કરમાઇ જતી પુષ્પમાળાને જોઇને વિમાસણમાં પડી જાય છે ને તેને તિરસ્કારી ફેંકી દે છે તેવામાં ત્યાં શંકર સામે આવી જાય છે ને જાળંધર માર્યો જાય છે બાદ અંતરીક્ષ ડોકું ઉડી જાય છે.

પ્ર૦ ૭ મો—વિષ્ણુ અને વૃંદાના વિનોદગ્રહમાં એકાએક અંતરીક્ષથી જાળંધરનું મસ્તક આવી પડે છે. વૃંદા દગો સમજી જાય છે ને મહાક્રોધથી વિષ્ણુને શીલારૂપ થવા શાપ દે છે. વિષ્ણુ વૃંદાને વનસ્પતિ બનવા શાપ આપે છે પાછળથી અન્યોઅન્ય અનુગ્રહ અપાય છે ને શીલાને શાલીગ્રામ અને વનસ્પતિને તુલશીરૂપે પ્રગટ થવા સુચવાય છે. પશ્ચાત્ સતીવૃંદા, સ્વામીનું મસ્તક ખોળામાં લઈ સળગતી ચિતામાં પડી ભસ્મિભુત થાય છે. ને આકાશમાંથી દેવો પુષ્પની વૃષ્ટિ કરે છે, બાદ વૈકુંઠધામ જણાય છે. ને ખેલ સમાપ્ત થાય છે,

ભાંગવાડી પ્રિન્સેસ થીએટર—મુંબઇ. }
તા. ૧૨-૧૨-૧૯૧૪. }

[illegible]

૫૪૫૮

મુખ્ય પાત્રોનાં નામ અને સંબંધ

— પુરૂષ વર્ગ. —

સુત્રધાર......નાટ્યારંભે ઇશ્વર સ્તવન કરનાર.

ઈંદ્ર..........સ્વર્ગ લોકનો રાજા.

નારદ.........એક પ્રસિદ્ધ મહર્ષિ ને પરમાત્માનું મન.

શૃંગી
ભૃંગી } ......શીવના ગણો.

શંકર.......સંહારમૂર્તિ તામસગુણ પ્રાધાન્ય પરમાત્મા.

જાળંધર......સમુદ્રમાંથી ઉત્પન્ન થએલો શુરવીર યોધ્ધો.

સમુદ્રદેવ.....વરૂણ, જળનો અધિપતિ.

બ્રહ્મા........સૃષ્ટિ સરજાવનાર રજોગુણ પ્રાધાન્ય પરમાત્મા.

ભુંભરૂ......એક મશ્કરો બ્રાહ્મણ,

ગીગલો.....તેલનો વ્હેપારી ઘાંચી.

કૌચક.......મથુરાનો રાજા ને વૃંદાનો પિતા.

વિષ્ણુ.......પોષણ સ્વરૂપ સત્વગુણ પ્રાધાન્ય પરમાત્મા.

રાહુ.........ચોરીથી અમૃત પીઇને અમર થએલો અસુર.

શુક્રાચાર્ય...દૈત્યોનો ગુરૂ.

ગરૂડ.......વિષ્ણુનું વાહન.

— સ્ત્રી વર્ગ. —

નટી............સુત્રધારની સહધર્મચારીણી સ્ત્રી.
ચંચળ.........બુખડની અટકચાળી સ્ત્રી.
વૃંદા............કોઈક રાજાની કન્યા ને જાળંધરની સ્ત્રી.
નંદા...... } ...વૃંદાની સાહેલીઓ.
સુલોચના }
લક્ષ્મીજી.......વિષ્ણુનાં પત્ની.
કૃત્યા............શિવની ઇચ્છાશકિત.
જયા }
વિજયા } ......પાર્વતીની દાસીઓ.
પાર્વતી..... ...શંકરનાં અર્ધાંગના.
મોહિની........શિવને છળવા વિષ્ણુએ પ્રગટ કરેલું સુંદરી સ્વરૂપ.
મેધાવતી .....વૃંદાની માતા.

અવશેષ વર્ગ—બાળાઓ, દેવો. અપ્સરાઓ, ડાસા, છોકરાઓ, સેનાપતીઓ, કંચનીઓ, સરદારો, બ્રાહ્મણો, અનુચરો, ભુતગણો, વગેરે, વગેરે.

ॐ हरिः ! !

સતીનો શાપ.

નાટકનાં ગાયનો.

નાન્દિ

જય પ્રાણદાતા ! ! હે વિધાતા ! ! સગુણ સ્વામી રે.........!!
શાતા સદન સુખધામ છો, વ્હાલા વિશ્વના વિશરામ છો;
પ્યારા !! ત્હારા, પ્રિયધારા !!
ઉર અભરાણુ ભર મનહર વર !
ગૌર ગુણવાન આર્યદેશ દ્યો ગજાવી,
શુર ! સ્વધર્મ ! સ્નેહ ! સંપ દ્યો ! સજાવી;
નીતી પ્રીતિ ! નિત્ય નિયમ હ્રદયમાં રસાવી,
ત્રાસ અમાપ તાપ ! તનથી દ્યો તજાવી.
ચર-ખેચરમાં છાઇ છાયા. ત્હારી ભક્તિમાં શક્તિ ભારે
સભર સમાયો તું સ્વરગ જમીપર
શીશુ શરણુ સહુ ઉચરતા ગુણગાન, ધરી ત્હારૂં ધ્યાન—જય૦

બાળકીઓ— ૨

વાહલા વૈકુંઠના વાસી, વા'લા ત્રિશ્વાધાર;
ત્હારી ચતુરાઇ ન્યારી, ન્યારી બલિહાર—વાહલા૦
કંઇક કળા જોડી......મશ્વવાનું માન મોડી;
જાળંધર જાળમાં, ફસાવી કર્યો હાર—વાહલા૦

નારદઋષી— ૩

બોલું વચન કંઇ, ફરકાવું લોચન કંઇ
સાંધી સાંધો, લોહે ભેળું કંચન કંઇ—બોલું૦
બ્હાલાં બહી દુર ભમે, એવું મને ગમે;
કપટ લપટ કરૂં ખટપટ......અટપટ
જગમાં તમામ, મ્હારૂં નારદ નામ ! કરૂં કપટી કામ—બોલું૦

દેવો-ઈંદ્ર— ૪

અભિમાને બની અંધ, મમત મહારાજ ન કરીએ
શુળને કરી સંબંધ, પિયુપને શીદ પરહરીએ?—અભીમાને
....
દીલ શું ડરો ? નિડરો રણક્ષેત્રથી, મુખ ઉપર ધરી વિફળતા,
પગલાં પાછાં કેમ ભરીએ—અભિમાને૦

છોકરા-ડાસો— ૫

આવો આવો ખેલ ખેલો આનંદ ઉકેલો
પકડી જકડી નાચો કુદો રંગે રેલ રેલાવો,

અરે ! વાહ તમારી સુરત !!
અરે ! વાહ તમારી મુરત !!

સુરત કેવી ? મુરત કેવી ?
કાકા કૌવા જેવી.

શું કાકો કૌવો ? ઘરડો કૌવો મ્હારી સુરત એવી ?

નો કેવી ?

જુવાન કૌવો ! સુંદર કૌવો ! મારી સુરત એવી.
વાહ બરાબર એવી ! હા બરાબર એવી ! કાળા કૌવા
જેવી—આવો૦

છે શું રૂડું નાક નમેલું, એ પરનાળું જાણે પેલું;
જા જા, નાક નમેલું છે પોપટનું, સહુ જન તેમાં પાળે;
વાહ પોપટજી !!

નાક નમેલું ગરૂડનું તો, વિષ્ણુ તે પર મ્હાલે;
વાહ ગરૂડજી !!

વાહ પોપટજી !! વાહ ગરૂડજી !! (૨)—આવો૦

ભૃંગી— ૬

કોણુ કારણુ કુછંદી બન્યો હું ?
મ્હારી વેરણુ નિંદ્રા......!!—કોણુ૦
આ શણું ન જાયે હાય, દિનકર હોરે;
કુમારી જતિજી ગિરજા......!!—કોણુ૦

૭

મુગો નાચ

શંકર—

૮

ગર્વ કરી જન કોણ ઠર્યા ? જગ કોણ તર્યા મથવા ?
જો જાગી.....દુર ભાગી (૨)— ગર્વ૦
ગર્વ કર્યો ધુમચીએ તો, મુખ થયું કલંકિત સ્યામ;
મમત ન કરતું !! સમજી વિચરતું !! પાવક પરખતું !!
જા જા અહીંથી જા—ગર્વ૦

જાળંધર—

૯

રે ! પરવરૂં કીચક રાજ સભામાં,
આંજીશ શૂર પ્રભામાં રે—પરવર૦
પરણું હું બાળા તેની પ્હેરૂં વરમાળા;
વરતાવું ત્રાસ બધામાં રે—પરવર૦

ચંચળ—

૧૦

પ્રીતમ ! પ્રાણ પોપટડો પંખીડો પ્યારો !
છેલો–રંગીલો–ચટકીલો–મ્હારો–પ્રીતમ૦

પ્રીત પિંજર મતિ મોહિની, કેતકી નવલ કીશોર:
અધર ચુંબી અધવચ ભમે, નિરદય કાન્ત કઠોર
તન-મન તપે તાપથી, પતિવશ બની પાપથી
જીવડો જોડીને, છોડીને, તોડીને,
રહે ઘડી ઘડી અંગમાં ઉકળતો-પ્રીતમ૦

ઝુમરૂ-ચંચળ— ૧૧

શાણી સલુણી સુરત સુખકાર-સાર !!
નહીં આવોજી !! જાઓ દુર થાઓજી
બલિહારી ! જાઉં વારી !
વારૂ વચને શરમાવી, ભાળો ન આમ ભ્રગુટી ભરમાવી
તું તન છે ! તું મન છે ! તું ધન છે !
વાહ મરમાળા-છેલૈયા-જોગાળા ન છેડો, મારૂં નામ ધો
શામળા ! શાને લાજ ન આવે;
સુખ મરોડમાં આ, મોહીની મ્હારી માન જા, દુર ન થા, પ્યારપા
વાહ..................જાઓ.

ઝુમરૂ—ગીગલો— ૧૨

જા જા ઉંદર ! છટકી છછુંદર ? આજ તું ફરીઆદ જા;
ઘાંચીડા બાપની ફરીયાદ જા, દાદો છું તહારો ફરીયાદ જા
વારૂ વચન ! છાનો ખચ્ચર ! નહીં છાનો રહું બસ
ખોટી ખાલી ખટપટ ! કરેશું નટખટ ! બોલી અટપટ
ચુપ-ચુપ-જા જા ઉંદર૦
જા ઠગારા ! લુંટરા ! ધુતારા !

હા હા તું કુક્કર ! મુજી બચ્ચા ! જીવ ખોનારો છે
દે બેટા ગાળદે, તું છાનો મેર બોલ હળવે
ઉંઉઉ
હાં હાં ઢોલી ઢોલ વગાડી, ગાલ વજાડી, વચને વદ જા-જાગ૦

વૃંદા—સખીઓ ૧૩

જો...... વિલસિત વનવેલી વૃક્ષને વળી,
આલીંગે લાલને મળી લળી...જો-વિ૦
રસીઓ સમીર શીત સરતો ઉમંગમાં,
ચુંબી સૌ કળી-કળી, રસનો રસ અંગમાં;
ધન્ય ધન્ય સમીરને કુસુમ કળી...જો-વિ૦

વૃંદા—સખીઓ— ૧૪

જા જા આલી ! ! શાને શરમાવે હાલી, સતાવે રીબાવે શું આમ ?
પીયુ પંખી વિણ યૌવન ઉપવન સૂનું.
રસના ભોગી વિના સરવે સુનું સુનું;
મદઘેલી અહીંથી જા જા, રસવેલી અહીંથી જા જા.
લટકાળી ! ! ચટકાળી ! ! મટકાળી ! ! મતવાલી ! !-જા૦
બીચારી શાંતિ સુધા કયાં ઉભરાવેરે ?
નાવલિયા સંગ બાળા ઝરણું ઝરાવેરે
મને શાને સતાવો (૨)
મન મુઝાય ! ! અકળાય ! તરસાય ! દુઃખી થાય ! !—જા૦

દેવચક-જાળંધર— ૧૫

ગ્રહો બાળા પુરા પ્રેમે (૨) મેતો સોંપી તમારે
આશરે—ગ્રહો૦

રવિ સન્મુખે આપું દાન હું,
બન્યોછું આભારી સરવદાનો હું—અહો૦

વૃંદા-જાળંધર— ૧૬

રીત પ્રીતની શીખો, નહીં તાણો મ્હારી સાડી;
મોંઘા માનીતા મોહન મ્હારા
પ્રાણ પ્યારા........નયન તારા—રીત૦
વારૂ મ્હારી કુંદની કળી, વારૂ મ્હારી સ્નેહની ધરી
પ્રેમીપરી ! સદા સાથે રે'શું સ્નેહ સુધા પીશું સ્વર્ગ સુખને લેશું
વાહવાહ ! ! કેવી જોડી વાહ !—રીત૦

લક્ષ્મીજી— ૧૭

પ્રાણ ! પ્રીતિ શું વીસારી, ઉદાશી અંગ ધારી;
ન બોલો આવી વાણી, હું દાસી છું તમારી—પ્રાણ૦
વૈરાટરૂપ વિશ્વમાં, આપ બન્યા અધિરાજ.
પરશું બની હું તે પળે, ક્ષત્રી હણવા કાજ
તેની આજે કરી છે અકારી જીવણજી !!!—પ્રાણ૦

વિષ્ણુ-લક્ષ્મીજી— ૧૮

હાંરે ! ! લાવો લક્ષ્મીજી લાવ,
આજે ઠીક આવ્યો વધામણીનો દાવ
કરો પ્રેમ કેલી હેલીનું દાન, હાંકો હરખ હોડી ફેરવો સુકાન
પાઓ પ્રીતે પુરણ રસપાન—લાવો૦
રસિયા છું આપની, ચરણ પ્રતાપની, સોંપ્યું છે તનમન નિદાન,
લઇલ્યો મન માનતું, અરપું હું સામટું પ્રિયતમ શું આપ છો અજાણ !

વાહ ! ! કેવું વાણી વિણાનું વિમાન.
ગાન તણા તાનમાં થયો હું ગુલતાન-લાવો૦

સભાજનો-- ૧૯

જય જય જગમાં, જામો—પામો
બળવતા જશ લાંણો, વાહ ! વાહ ! વાહ—જય૦
સુરજન ગંજન, ધન ધનવા, રહો અવિચળ તમ શિરતાજ
રાજ સાજ ચિરકાળ માણો
છી-છો ઘુમ, છી-છો-ઘુમ, છા-છા-છા-નાચો, ગાઓ-જય૦
નરવર પરવારી, સુંદર છબિપર બલિહારી
સરવ રીધસીધ્ધ, દોલત પ્રવર્તો નવનિધિ
મથુરારાય ! જગ જશ ગવાય ! સૌના પાલણહાર
આ અસુરો મળી પુષ્પની કરો વૃષ્ટિ—જય૦

જાળંધર--- ૨૦

મારીશ કરીશ સહુ સુરોનો હાર
નહીં મુકું-ચુકું, રણે રગડવા—મારીશ૦
પિતાને પીડીને પાપી પાર નહીં પામશો
મારું ત્યારું લોહી પાન, કરીશ ઓ એ ગુમાન
ગાજો શું ગરવા—મારીશ૦
ભુજંગ મણિ લઈ પડાવી વિષ વેલ વાવી
સુતા સિંહને સતાવી જશો નહીં ફાવી
શુરવીરો ચુકશો મા, રણધીરો મુકશો મા
ચાલો સત્વર સુર સંહારવા
નહિ મુકું મુકું રણે રગડવા—મારીશ૦

અંક બીજો.

-(:o:)-

૨૧

ચંચળ—વાલ્વા, વ્હાલા ! ! લટકાળા, એજી ચટકાળા, લાલા,
કાલા શા થાવ ?
ભુંભરૂ—મનડાની માળ ! ! પ્રીતીની પાળ ! ! જીગરની જાળ—વા૦
ચંચળ—વાહ રંગ ! વાહ રંગ ! શા આ ઢંગ ! શો ઉમંગ ?
જાણી જાણી વાહ વરણાગી વાલમા,
ભુંભરૂ—વારૂ દીલ જાન, વારૂં પ્રિય પ્રાણ, આ ચાલમાં—વા૦

વૃંદા-સખીઓ— ૨૨

જો સખી ! ! આવે મ્હારો હંસરાજ લોલ ! !
લટકે રમીને લ્હેરી લાલને રીઝાવીએ—જો સખિ૦
ઉદર સરોવર તટ પરે, અંબુજ એ વિકસેલ;
મન મુકતાફળ અરપવા, જુગતે રાખી મુકેલ,
હંસણીની ચાલ ચાલી ચંચળ ચલાવીએ;
પિંજરે પુરીને હૃદય સ્નેહમાં રમાડીએ—જો સખિ૦

વૃંદા— ૨૩

મ્હારા મોતી દાણા ! ! હો સુભાગી શાણા
નવ જાઓ વિકટ રણમાં
સુરજનમાં, ડરો મનમાં, અણુજાણ્યા—મ્હારા૦
વિભણ સાથે વેર કરીને પાછું કાણુ વળ્યું ફરીને;

નવ જાશો—અકળાશો—ગભરાશો—દુઃખી થાશો.
વ્હાલા મ્હારા માનો મમત મુકી ધો રાસકવર રાણા—મ્હારા૦

જાળંધર—વૃંદા— ૨૪

શીળ નીલમને શાણી સલુણી, સંભાળી સંભાળી રાખો તમ સાથ;
શીયળ શરણી ત્યકત કરૂં નહી, ડગ ભરૂં નહીં કુપંથે નાથ—શી૦
પતિવ્રત સાર! જીવન શૃંગાર! છાંયડી ભવરણે સુખકાર
વ્હેલા પતી વળજો તમે પાછા, સંહારી શત્રુદળ તતકાળ સુખે જાવ.
રહો હુશીઆર—શીળ૦

ઇંદ્ર— ૨૫

તારણ કારણ તું જગધારણ
તું જગકારણ હે ભિડભંજન
સરજનહાર સહુના...દાતા...તારણ૦

વિષ્ણુ—શાંત શાંત શીદ શક્ર! તું, વ્યર્થ કરે કલ્પાંત;
અસુર નિકંદન ઝટ કરી, સુરગણ કરૂં નિરભ્રાંત—તું જગ૦

નારદરૂષી— ૨૬

ફરવું જગફંદે સ્વછંદે આનંદે બુરી મોહજાળમાં
ક્રૂરકાળમાં, ઝીંઝાળમાં, બુડા જુવાનિયા બાળમાં—ફરવું૦
અબળ સબળનર ફરે છે કપટની કળમાં;
દેવમાં દૈત્યમાં, પિંડમાં પ્રેતમાં, જોગી જતીની જંજાળમાં—ફરવું૦

ચંચળ—બુખરૂ— ૨૭

પિટયા તું તો, ફંદી પ્રપંચીને ગુમાની
ભોળી હું તો, ભરમે ભરમાણી લોભાણી

સરવર જળ બહુ સાર છે પણ ખરેખરૂં ખારૂં છે
ફુટયા પછી શેખાઇ શાની—પિટયા૦
વાહવા વ્હાલમ વરનારી કળથી કામણ કરનારી
છાનો ! ! ગણગણ મુઇ ! ! છાનો ! !
મર મુરખા........મર છાનો છાનોરે' છેલ્લાણી-પિટયા૦

લક્ષ્મીજી— ૨૮

વીરા તેં યુદ્ધ કરવા, અમરસંગે સાહસ કર્યું છે જ્યારથી
મુજ ચીત ચળવળતું થયું સંતાપમાં છું ત્યારથી
ત્રીપુરી ભુંડી ત્રણ દેવની ત્રેવડ મહી તારી ફરે
એ કાળ દળ આગળ વીરા તું, કયે પ્રકારે ઉગરે.
મહીયર મહીં એક દીવડો તુંજને દીઠે મનમાં ઠરૂં,
તુંજ વાળ વાંકો સાંભળી, મુજ જીવને પાછળ કરૂં.
રત્નો બળ્યાં છો લઇ ગયા, શું પ્રાણથી અધિક છે.
એ યુધ્ધ કરવું હા તજી વીરા શીખામણ ઠીક છે.

લક્ષ્મીજી— ૨૯

આ'રા વિરાની વા'ર, કરજો ભરથાર
કાંતી મનની સરવે વિસારી-મા'રા૦
આંધળાની આંખને, પંખીની પાંખને
કુળ તણી ખાપને આપ પાળનાર
સાચી સમાજ મનમાં સમજી લ્યો કંઇ-મારા૦

પાર્વતી— ૩૦

કોડીલા કર્પાદિહરી ! ! આવશે આ તરફ કયારે !
દુષ્ટ દુષ્ટ રાક્ષસી દળ ! કહાવશે કુશળ કયારે ?—કોડીલા૦

સ્વરોદય જોઇ સખી, જાણતી હું તો કહે તું જીવન !
કીરતીના કીરીટ બની, કાપશે આ દુઃખ ક્યારે ?—કોકીલા૦
કૃપાળુ કાન્ત બનો, કરમાતુ જનકને કલ્પતરૂ;
નૌકા પ્રીતિ તારશે આ, સ્નેહના સાગર ક્યારે ?—કોકીલા૦

પાર્વતી— ૩૧

જા જા રે ! કામાન્ધ, જા જા રે મદાંધ, કુલાંગાર ! બે ભાન ;
ખુમારી ત્હારી, દે ઉતારી, દુરાચારી;
પાપી પરનારીમાં, સપડાય ! અકળાય !!
ઉછળતા અંગારા માંય, છતી આંખે ઝંપલાય—જા જા રે ! ૦

જાળંધર—

પ્રેમનાં પુંજમાં, કામના કુંજમાં, રાખ સગુણી રસિકવરને,
મણિ કાગ ગળે, ન દીપે અબળે !! શીદ ખાળમાં ભેળો
ગંગાજળને—જા જા રે ! ૦

દાસી— ૩૨

પતિ પૂજ્ય તીરથ સમ માની, સેવે સદા જે સન્નારી;
સતિત્વ તણા પ્રભાવે, ફાવે ના દુષ્ટાચારી.
પતંગીરૂ રૂપ ભાળી, ભમે ભુલી ભાન ખાળી;
ઝંપલાવે દીપ ન્યાળી, બળી સહે દુઃખ ભારી—પતિ૦
શીળ કસોટી સ્ત્રી તણી, પરખે કસતાં વાર;
ગુણી અવગુણી પુરૂષનો, વિગતે કરે વિચાર.
તજીને મોતીનો માળો, સેવે સદા સુકી ડાળો;
અરે ! પડતીનો ચાળો, રૂવે દૈવને સંભારી—પતિ૦

ધૂંદા— ૩૩

મ્હાવરી હું બાઇ...રે...

પડેના કળ, ઘું વિકળ, શીર અનળ, શું શીતળ બાઇરે...

જાગ અચળ સકળ સ્થળ, રે પ્રબળ બીછાઇ

પતિબળ મો ! કુશળ બાઇરે—પડે૦

જગના છાંય તળ—પ્રીતી સુરતીયાં ખળ,

હાયે ન સ્નેહજળ, પ્રણય દળનું કમળ

કયાં સુધી સાંખે, નીશાસા નાંખે, કયાં સ્વામી ઝાંખે

રે !! વિમળ બાઇરે—પડે૦

ધૂંદા— ૩૪

વિકળ વાત સાક્ષાત જગ તાત આ, ઘટે ના તનુજા શીરે ઘાત આ—વિ૦

તપસ્વિપણું શું તજીને તમે ? જગાવી ચિંતા કામની જાત આ—વિ૦

ગુણી જ્ઞાની ટેકી વિવેકી થઇ, વર્યા શું વપુમાં વ્યતિપાત આ—વિ૦

શરમછે શરમ જાવ સીધ ને સીધા બીછાવો ન કંટકની બીછાત આ—વિ૦

ધૂંદા— ૩૫

વારે રંગ, શા આ ઢંગ, હદવાળી આ,

જગનાથ ! કુપંથે ચાલશે,— વારે૦

સંસાર શે હવે ચાલશે;

જનમ આપે, જીવન આપે

તેજ સંતાપે, નિાતને કાપે;

શરમ શિવ હજાર વાર.

તનયા પર શો વ્યભિચાર ધિક્છે;

ન ઘટે, ન ઘટે, કૃપાળ આમ આ— વારે૦

અંક ત્રીજો.

શંકર— ૩૬

અરે ! આશી ગત મારી, ઠર્યો જગે વ્યભિચારી; ! !
સતિ નારી સતાવી કર્યું પાપ ભારી. !
કરોળીઓ કામી રચે જાળ જૂઠી,
તુટે તે તુરત જે વિધી રેખ રૂઠી,
વિફળ થઇ ફજેતી ખરે શિર વો'રી ! ! !—અરે૦ —

સાહેલીઓ—મોહિની— ૩૭

ખેંચે ન ચોર પેલો ગુલાબ, બેન જો ! જો !
ફુલડાં જુગતે ઉતારજે—ખેંચે૦
જો પેલો હલાવી શિશ ચુંટવા બોલાવે;
ના હું તો આવીશ નહિ શીદ શરમાવે,
સાયલીની હું તો સાહેલી થઇશ જાવ.;
અરે બાવા કરે શું આમ
હા હા..............................ખેંચે ન૦

મોહિની—શંકર— ૩૮

હું ! ! મોંઘા મુલા મ્હારા મનહર મોહન !
મોહીની મંત્ર શું મારો સુને !
આશી વાણીમાં વિજ ઝબુકી રહી

હાંરે ! આમ કરડી કટારીથી ના મારશો;
સ્યાણી ! ! સલુણી ! ! સુશીલા ! ! શું વારશો—મોં૦

શંકર— ૩૯

પ્રીતિ પંખીડાં શું પામે પાર–પામે પાર–પામે પાર રે ! !
પુરષો-તમ પુરણ બ્રહ્મ છેજી,
માયાથી દુર, છાયાનું પુર;
એમ સૌથી એ નોંખા નિરાધાર-નિરાધાર-નિરાધાર રે ! !—પુરૂ૦
દીન દનુજ એ, મોટા મનુજ;
સ્નેહેથી વદે છે વારંવાર–વારંવાર–વારંવાર રે ! !—પુરષો-તમ૦

ચૂંદા— ૪૦

વિતી ગઇ વેરણરે, રજની મ્હારી માતા.
હાય સ્વપન એ, વધારે મનની ચિંતા
શોકના સમાયે, દીલ ગભરાયે, પળમાં ધરાયે શાતા-વિતી૦
કયાં છે મ્હારા હૈયાના હિરલા, કયાં છે મ્હારા કામ કોડીલા,
પ્રિયતમ પ્રાણના, વિના, બીજું કોણ છે જીવન દાતા
અહીં કોણ અવર વિધાતા—રજની

ચૂંદા— ૪૧

ચાલ વ્હેલી સાહેલી ! તું શોધવાને શ્યામ,
આશા ઉભરાયા દીસે આજે રંગો આમ ?
ચિન્તના ચોર વિના હાલા દીસે ઠામ
મીઠી અંગતની સંગત શોધી સાધ્ય કામ
ટળશે તનના દુઃખો તમામ–ચાલ૦

વૃંદા--　　　　　　　　　૪૨

મેળો જગત જન મારૂં જીવન મોતી
થાકી હવે હું ગોતી શંભા મને કોઇ રોતી;
મુજથી એ ના સચવાયું રે. દુર્ભાગ્ય થકી અટવાયું.
દુઃખઝટે નિત્ય ધોતી, હૈયા હારમાંહી પ્રોતી—મેળો૦

વૃંદા—　　　　　　　　　૪૩

નાવ્યા કોએ બચાવ્યા, સ્વર્ગ નાથ સિધાવ્યા
ભાવિ દેવે ભુંસાડયા, ટાંક ભાગ્યના—નાવ્યા.
ઘાલ્યાં ઘર કસમાં, વેરી સહુ વસમા;
વાળ્યાં વેર આ તે, કયા કાળનાં—નાવ્યા.
વિકટ વાટ આ વિશ્વની, શાંતિનું નહીં સ્થાન;
ભુલેલાં ના ભાળ્યા, ભરથાર કે ભગવાન.
વ્હાલા કાં છે ક્યું ? રણમાં રીસાઇશું ?
શરણે ગયા પ્રતિપાળના—નાવ્યા૦

વૃંદા-જાળંધર—　　　　　　　　　૪૪

સ્વામિ, પામી, ખોવાયલ સ્વામિ પામી
સુભાગ્ય શૃંગાર, મળ્યા મુને હા ફરી—સ્વામિ૦
આહાહા !! આ શો યોગ; થયો નાથ સંજોગ—સ્વામિ૦
સોનાના સુરજ ઉગીઆ, મારો ફળ્યો અવતાર
સંસારે નર સુખનો સાર
પુરણ પ્રાણ તણા આધાર
વાહ !!! વાહ !!! વાહ !!!
હા !!!......હા !!!......હા !!!—સ્વામિ૦

ચંચળ-ભુખરૂ— ૪૫

જાઓજી જાવ રસિયાજી ! ! રણ જુધ માંહે
ના ડગ ભરતા, પાછા ફરતા, જનુની લજવાએ—જાઓજી૦
નથી જીતવી રહેલી સૈન્યા નહીં હું કરૂં હવે એ અન્યા,
તમે કાયર છોકે કન્યા,
અરરરર વ્હાલી ! ખાલી આમ બોલના
કપાઇ કુટાઇ રહેવું મરણનું શુ દુઃખ
હા...એ હિતકારી
નહીં હું તો જાઉં, દુર તુંથી થાઉં, ઓથ કોની સ્થાઉં
જાવ અરે ઝટપટ, મુકી બધી ખટપટ
વદશો વચન નવ આમ—જાઓજી૦

ભુતાવળી— ૪૬

ચાલો સત્વર ચાલોને, શુરવીરો તમે સરવે
ધિંગી હિંમત ધારોને, ધિરવીરો તમે ગરવે—ચાલો૦
થથ થરરરર ધો કંપાવી, ધો હંફાવી, સરવે પાપી
છછ છરરરર છાપો છાપો, કષ્ટો આપી, નાંખો કાપી—ચાલો૦

દેવગણ— ૪૭

આજે રંગ ઉમંગ ઉર છાયો,
પામર કરણી ભોગવી રણમા રોળાયો
કૌવચ સંગમાં ભાન ભૂલી લપટાયો,
પાપનો પાથાણુ આજ પુરણ બેદાયો—આજે૦

વૃંદા— ૪૮

પ્રભુ મ્હારા પ્રાણનો પંથ બતાવો
ફુરતા ના લાવો—પ્ર૦
પતિ પ્રીતિભાણુ ભુંસાએ બટકું ડરની મારી દીવાની
સંકટહરણા સમય વિચારી, કર મ્હારો સ્હાવો-પ્રભુ૦
ભવરણમાં ભરથાર વિના છઉં. અબળા ઓથ વિનાની;
અરપુ જીવન અગ્નિ ઉદરે એ, દુઃખળીનો દાવો-પ્રભુ૦

વિષ્ણુ— ૪૮

"શી સતી આ વૃંદા ! ! શાણી" "જગનું જવાહીર જાણી"
"સંકટથી જેહ સંશાણી" "પરઠી ન પગ પાછી પાની"
શીળ વિના સ્ત્રીઓ તેતો સાચે શોભે કેવી ?
નકટી સજી છે નાકે આભુષણ એવી
પામે છે પારસ સાટે નરક નિવાસ કમાણી-જગનું૦

સર્વ પાત્રો— ૪૯

દીપો દેશની દ્યુતી ! વધારી વિરતિ પ્રબળ, સુરતિ સકળ
શાન્તિનું શરણુ સ્હાય......................દીપો૦
સુભટ સુઘડ બહુ પુરૂષો પ્રગટો, શીયળ ધારી સુંદરી સતી;
સુનીતિ રશાળ ! વિષયે વિશાળ કૃતિમાં કૃપાળ કરીને-દીપો૦
પ્રીતિ પુરાણી, સુખે પીછાણી શ્રવો સુધા સદા આ
દીલથી રહો દુર દુરબળતા, વધી વીરતા પ્રજાની આ-અમારી આ
તનમાંથી ત્યાગી, ગાંડી ગતી વ્હેમિ મતી, સજી સરસાઇ-દીપો૦

સમાપ્ત.

અત્યુત્તમ વાર્તાઓ

અને

આકર્ષક ચિત્રોવાળી

પુષ્પમાળા.

(ધી ગુજરાતી પેની સીરીઝ)

ત્રીજું પુષ્પ ચાલુ અઠવાડિયામાં બહાર પડશે.

ઉત્તમ વાર્તાઓ અને સુંદર ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે માટે આપ જલદી ગ્રાહક થઈ નામ નોંધાવો.

એડવાન્સ વરશ એકના રૂ. ૧-૨-૦.

છુટક નકલ મંગાવનારે ૦-૧-૬ની ટીકીટ બીડવી.

એક વરસનું અગાઊથી એડવાન્સ મુલ્ય આપનારને

એક ઉત્તમ પુસ્તક ભેટ મળશે.

પ્રત્યેક શહેરમાં લાગવગવાળા અને આબરૂદાર એજંટો જોઇએ છે.

લખો—" પુષ્પમાળા " ઓફીસ.

ગલેમંડી—સુરત.

જાહેર ખબર.

નિચે દર્શાવેલાં નાટકના ગાયનોની ચોપડીઓ નીચેલી કિંમતે અમારી શ્રી 'સુરત નાટક સમાજ'નો જ્યાં જ્યાં મુકામ હશે ત્યાં ત્યાંની ઓફીસમાંથી મળશે.

					રૂ. આ. પા.
પ્રહ્લાદવિજય નાટક આખુ છાપેલું સંપૂર્ણ				...	૦-૬-૦
સૌંદર્યવિજય નાટકનાં ગાયનો...			..	...	૦-૩-૦
પવિત્ર લક્ષ્મી	,,	...	...	...	૦-૩-૦
ગુલબંકાવલી	,,	...	...	...	૦-૨-૦
કુસુમલતા	,,	...	...	...	૦-૨-૦
હંસાકુમારી	,,	...	...	..	૦-૨-૦
અભયસિંહ	,,	...	...	...	૦-૨-૦
કર્મફળ	,,	...	...	...	૦-૨-૦
નરસિંહ મહેતા	,,	...	...	...	૦-૪-૦
શેઠ સગાળશાહ	,,	...	...	...	૦-૨-૦
શ્રી કૃષ્ણ-સુદામા	,,	...	...	...	૦-૨-૦
મહાકવી કાળીદાસ	,,	...	...	...	૦-૨-૦
લલિત પ્રિયા	,,	...	...	...	૦-૨-૦
પ્રહ્લાદ વિજય	,,	...	...	...	૦-૨-૦
કૌરવ-પાંડવ ભાગ ૧ લો	,,	...	...	...	૦-૨-૦
કૌરવ-પાંડવ ,, ૨ જો	,,	...	...	...	૦-૨-૦

શ્રી સુરત નાટક સમાજના માલીકો.